# IITGnના વિદ્યાર્થીએ વ્હાઇટ પાંડા એપ વિકસાવી

અમદાવાદ : આજ કાલ બિઝનેસમા માર્કેટીંગ સ્ટ્રેટેજીનો કન્સેપ્ટ અને ટ્રેન્ડ એકદમ બદલાઈ ગયો છે. વધતી જતી ડીમાન્ડને કારણે બિઝનેસને વધુ ડાયનેમિક, ઈફેક્ટિવ બનાવવા આજે કંટેન્ટ રાઈટરની ડિમાંડ વધી જવા પામી છે. માર્કેટની ડિમાંન્ડને પહોંચી વળવા IITGn નો બી.ટેકમા આઠમાં સેમેસ્ટરનો વિદ્યાર્થી રોશન અગ્રવાલએ વ્હાઈટ પાંડા નામનુ સ્ટાર્ટ અપ શરૂ કર્યું છે. જે કંપનીઓને ઓન લાઈન કંટેન્ટ રાઈટરની સુવિધા પૂરી પાડે છે. જે કમ્યુનિટી બિલ્ડ કરવાની સાથે રાઈટર્સને પોતની લેખન કળા દર્શાવવા માટે એક ડાયનેમિક પ્લેટફોર્મ પૂરું પાડે છે.



## IIM મા કામ કરતા સ્ટાર્ટ અપની પ્રેરણા મળી

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી- ગાંધીનરના બી.ટેકના ૮મા સેમેસ્ટરનો વિદ્યાર્થી રોશન અગ્રવાલે આઇ.આઇ.એમમા કેટલાક સ્ટાર્ટ અપ જોડે કામ કરતા તેને લાગ્યુ હતું કે આજે વર્લ્ડ લેવલે માર્કેટિંગ વધારવા કંપનીઓનું કંટેન્ટ પાવરફુલ નથી. જે આજના સમયની ડિમાન્ડ છે. માર્કેટની માંગને ધ્યાનમાં રાખીને વ્હાઇટ પાંડા નામનુ સ્ટાર્ટ અપ શરૂ કર્યું . દરેક બિઝનેસની શરૂઆતમાં થોડો સંઘર્ષ તો કરવો જ પડે છે. રોશને પણ શરૂઆતના સમયમાં થોડી થોડીક તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ પહેલાથીજ આંત્રપ્રિન્યોર બનવાની અદમ્ય ઇચ્છા હોવાથી સ્ટાર્ટ અપ શરૂ કર્યું.

## શું છે વ્હાઇટ પાંડા એપ?

વ્હાઇટ પાંડાએ ઓન લાઇન કટેન્ટ ક્રિએશન પ્લેટફોર્મ પૂરું પાડે છે. જે રાઇટર્સ જોડે કામ કરે છે. કંપનીઓની જરૂરિયાત મુજબ તેઓ રાઇટર્સને જે પ્રમાણે લખાણ સજેસ્ટ કરે છે તે લેખકો પાસે લખાવવામાં આવે છે. રાઇટર્સ પાસેથી કંપનીની જરૂરિયાત પ્રમાણે કેવી રીતે કન્ટેન્ટ તૈયાર કરાય તેની ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. અત્યારે ૫૦૦ કરતા વધુ રાઇટર્સ તેમની સાથે કામ કરે છે. મોટી મોટી કંપનીઓ પોતાની જરૂરિયાત પ્રમાણે સ્ટુડન્ટ્સને પોતાની ડિમાન્ડ મોકલે છે. જેને ધ્યાનમાં રાખીને ખાસ કન્ટેન્ટ પણ તૈયાર કરાવવામાં આવે છે.

**Title:** IIT gandhinagar students develop “whitepanda” app

**Source:** Sandesh (Gandhinagar ) Page No: 04

**Date:** 16 March 2017